# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ

## દ્વિતીય સત્રાંત કસોટી - 2022-23

તા. : 12/04/2023 | ધોરણ :- 6 | ગુણ :- 80

વાર :- બુધવાર | વિષય :- ગુજરાતી | સમય :- 8.00 થી 11.00

---

**પ્રશ્ન-1. (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(12)**

(1) જો તમારી પાસે જાદૂઈ પત્ર હોય તો તમે તેનો ઉપયોગ કેવી રીતે કરશો ?

(2) તમારા અક્ષર ખરાબ થાય છે. તેને કેવી રીતે સુધારશો ?

(3) 'સુગંધ કચ્છની' પાઠમાં લેખિકા તેમનાં ભાઈને કચ્છ ફરવા આવવાનું શા માટે કહે છે ?

**પ્રશ્ન-1. (બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(08)**

(1) રાવણને એવું શા માટે લાગ્યું કે તે ધનુષ્ય ઉપાડી લેશે ?

(2) 'આલાલીલા વાંસડિયા' કવિતામાં મોતીડાં શબ્દ કોના માટે વપરાયો છે ? શા માટે ?

**પ્રશ્ન-2. (અ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** **(08)**

"ચાલ મારી સાથે," કહી નિરંજન આગળ ચાલ્યો ને મૅનેજરની કૅબિન અંદર ઘૂસ્યો. હું પણ થોડો ગભરાતો ગભરાતો પાછળ-પાછળ દાખલ થયો. નિરંજને શાંતિથી એ પત્ર મૅનેજરના હાથમાં મૂક્યો. મૅનેજરે પત્ર ઉખેળ્યો ને અંદરનું લખાણ જોઈ સ્તબ્ધ બની નિરંજન સામે એ જોઈ રહ્યા. "આ શું છે ?" પેલો સનાતન પ્રશ્ન એમના મુખમાંથી સરી પડ્યો. "વેદ સાહેબનો પત્ર છે." નિરંજને અત્યંત ગંભીરતાથી કહ્યું. "વેદ સાહેબ ? વેદ સાહેબ..." મૅનેજરને ઓળખાણ પડી નહિ ને પત્રમાં કશું ઊકલ્યું નહિ, એટલે એ સહેજ મૂંઝાઈ ગયા. પરિસ્થિતિનો લાભ લઈ નિરંજને એમને અર્ધેથી અટકાવીને કહ્યું : "વેદ સાહેબ લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર છે."

(1) લેખક નિરંજન સાથે ક્યાં જાય છે ?

(2) વેદસાહેબ કોણ હતાં ?

(3) 'આશ્ચર્યચકિત થઈ જવું' અર્થવાળો રૂઢિપ્રયોગ ફકરામાંથી શોધીને લખો.

(4) મૅનેજર શા માટે મૂંઝાઈ ગયા ?

**પ્રશ્ન-2. (બ) કાવ્યપંક્તિ વાંચી પ્રશ્નોના જવાબ લખો.** **(08)**

- **આલાલીલા વાંસડિયા રે વઢાવું,**
  **એની રે ઉતરાવું રે પ્રભુજીની વાંસળી રે લોલ.**
  **વાંસળીએ કાંઈ હંસ, પોપટ ને મોર,**
  **વાંસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ.**

P.T.O.

(1) આલાલીલા વાંસડિયા શા માટે વઢાવવાના છે ?

(2) 'વાંસળી <u>બનાવું</u>' લીટી કરેલ શબ્દ માટે પંક્તિઓમાં કયો શબ્દ વપરાયો છે ?

(3) પંક્તિઓમાં શ્રીકૃષ્ણ માટે કયા કયા શબ્દો વપરાયા છે ?

(4) પંક્તિઓને આધારે વાંસળીનું વર્ણન કરો.

**પ્રશ્ન-3. નીચેની કાવ્યપંક્તિઓનો અર્થ લખો.** **(03)**

- **અભિમાન કરીને બોલિયો, તે સમયે રાવણરાજ :**
  **"અલ્યા જનક ! તે શું પણ કર્યું છે ? કહે મુજને આજ."**
  **તવ વિદેહે ત્ર્યંબક દેખાડ્યું, રાવણને તત્કાળ :**
  **"એ ચાપ ચઢાવે તેને કન્યા, આરોપે વરમાળ."**

**પ્રશ્ન-4. નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો તે વિચારીને લખો.** **(03)**

- તમે જંગલમાં ઊભા છો અને અચાનક સિંહ સામે આવી જાય છે. તમે શું કરશો ?

**પ્રશ્ન-5. નીચેના સમયપત્રકનું અવલોકન કરી પ્રશ્નોના જવાબ લખો.** **(05)**

| તાસ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 1 | ગણિત | વિજ્ઞાન | સા. વિજ્ઞાન | અંગ્રેજી | વિજ્ઞાન | શા. શિક્ષણ |
| 2 | ગુજરાતી | અંગ્રેજી | ગુજરાતી | વિજ્ઞાન | સા. વિજ્ઞાન | કાર્યાનુભવ |
| 3 | સા. વિજ્ઞાન | હિન્દી | ગણિત | હિન્દી | ગુજરાતી | પુસ્તકાલય |
| 4 | અંગ્રેજી | ગણિત | હિન્દી | સંસ્કૃત | ગણિત | કલા |

**(નોંધ : દરેક તાસ એક કલાકનો છે.)**

(1) કયા વિષયના તાસ સૌથી વધુ છે ?

(2) ભાષાના તાસ કયા વારે નથી ?

(3) ગુરૂવારે શિક્ષણકાર્ય કયા વિષયથી શરૂ થશે ?

(4) કયા-કયા વિષયો માટે ફક્ત 1 જ કલાક સમય ફાળવાયો છે ?

(5) ગુજરાતી વિષય માટે કુલ કેટલો સમય ફાળવાયો છે ?

**પ્રશ્ન-6. કૌસમાં આપેલાં વાક્યોનો ઉપયોગ કરી સંવાદ પૂર્ણ કરો.** **(06)**

**(કેટલા દિવસથી તાવ આવે છે ?, મેલેરિયા તાવ છે ?, તાવ આવે છે.)**

ડૉક્ટર : બોલો શું થયું છે ?

દર્દી : ________________

ડૉક્ટર : ______________

દર્દી : બે-ત્રણ દિવસથી.

ડૉક્ટર : રીપોર્ટ કરાવી લઈએ ?

દર્દી : કરાવી લીધું છે. જરા જુઓ તો,______________

ડૉક્ટર : વાયરલ તાવ છે. ચિંતા ન કરશો. સારું થઈ જશે.

**પ્રશ્ન-7. નીચેના વિષય પર તમારા વિચારો - અનુભવો લખો.** **(07)**

(1) મારો પ્રિય તહેવાર

**પ્રશ્ન-8. ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.** **(05)**

'માધવપુર સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન છે. અહીં સદીએ-સદીએ મહાન સંતો આવ્યા છે. અહીં સદીઓ જૂનાં ઝાડ છે : આંબલી, રાયણ, નાળિયેરી બેશુમાર છે. પપૈયાં છે. અહીંના પોપટ પણ પપૈયા જેવા તાજામાજા છે. અહીં રુકિમણી-શ્રીકૃષ્ણનાં લગ્ન દર વર્ષે ઉજવાય છે. ભવનાથ અને તરણેતરની જેમ અહીંનો મેળો જાણીતો છે. અહીંનો ભાદર, ઓઝત અને મધવંતી નદીઓ સમુદ્રને મળે છે. આખા ઘેડ વિસ્તારને હરિયાળો અને ફળદ્રુપ રાખે છે. અહીંનો દરિયાકિનારો વિશાળ અને ઊજળો છે. ઘણા પ્રવાસીઓ ચોરવાડ કરતાં માધવપુરના દરિયાકિનારાને વધુ પસંદ કરે છે.'

(1) સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન કોને કહેવાય છે ?

(2) ફકરામાં કયા-કયા વૃક્ષોનાં નામ છે ?

(3) માધવપુર હરિયાળો અને ફળદ્રુપ શા માટે છે ?

(4) માધવપુર સિવાય અન્ય કયા દરિયાકિનારાની વાત છે ?

(5) "માધવપુરનો દરિયો મોટો અને ચોખ્ખો છે." આ વાક્ય જેવું જ વાક્ય ફકરામાંથી શોધો.

**પ્રશ્ન-9. માગ્યા મુજબ જવાબ લખો.** **(07)**

**(વધારે, ઊજળું, પ્રકાશ, ઓછું, આકાશ, નિશિચર, સફેદ)**

(1) ઉપરના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

(2) શબ્દકોશના ક્રમમાં ગોઠવ્યા બાદ કયો શબ્દ બીજા ક્રમે આવશે ?

(3) શબ્દકોશના ક્રમમાં ગોઠવ્યા બાદ કયો શબ્દ છેલ્લેથી બીજા ક્રમે આવશે ?

(4) ઉપરના શબ્દોમાંથી કોઈ એક શબ્દ પરથી વાક્ય બનાવો.

(5) ઉપરના શબ્દોમાં 'રાત્રે ફરનાર' માટે કયો શબ્દ વપરાયો છે ?

(6) ઉપરના શબ્દોમાં સ્વરથી શરૂ થતા શબ્દો લખો.

(7) ઉપરનાં શબ્દોમાં વ્યંજનથી શરૂ થતા શબ્દો લખો.

**પ્રશ્ન-10. માગ્યા મુજબ જવાબ લખો.** **(08)**

(1) **નીચેના વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.**

ગઈકાલે તમે ક્યાં ગયા હતા.

(2) **નીચેના વાક્યમાં નામપદ નીચે લીટી કરો.**

કૃણાલ દરરોજ સવારે ચાલવા જાય છે.

(3) **નીચેના વાક્યમાં ક્રિયાપદ નીચે લીટી કરો.**

રાજેશ નિયમિત કસરત કરે છે.

(4) **નીચેના વાક્યમાં વિશેષણ નીચે લીટી કરો.**

રાધા અણીવાળી પેન્સિલથી લખે છે.

(5) **'માતા' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.**

(6) **'દોસ્તી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

(7) **'વાતોનાં વડાં કરવાં' રૂઢિપ્રયોગ પરથી વાક્ય બનાવો.**

(8) **નીચેના શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ લખો.**

પરવાસ, પ્રવાશ, પ્રવાસ, પ્રવાષ